ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને
વિકાસ નિગમ લિમિટેડ, ગાંધીનગર.
નંબર : ૮૨૫૦
તારીખ : ૨૧/૨/૧૭

ડો.બાબા સાહેબ આંબેડકરજીની ૧૨૫મી
જન્મજયંતિની ઉજવણી નિમિત્તે વિકસતી જાતી
કલ્યાણ ખાતા હસ્તકના ચાર નિગમોના લાભાર્થી
માટે વન ટાઇમ સેટલમેન્ટ યોજના અન્વયે
વ્યાજ અને દંડનીય વ્યાજ માફ કરવા બાબત.

---

મુદત લંબાવવા અંગે (તા.30/0૬/૨૦૧૭)

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંકઃ- સશપ/૧૦૨૦૧૬/૩૮/અ૧

સચિવાલય, ગાંધીનગર

તા. /૦૨/૨૦૧૭

17 FEB 2017

વંચાણમાં લીધાઃ- (૧) વિભાગનો તા.૧૪/૧૦/૨૦૧૬નો ઠરાવ ક્ર- સશપ/૧૦૨૦૧૬/૩૮/અ૧,

(૨) વિભાગનો તા.૨૪/૮/૨૦૧૫નો ઠરાવ ક્ર- અવક/૧૪૨૦૧૫/૧૩૧૭૦૧/જ,

(૩) વિભાગનો તા.૨૦/૮/૨૦૧૬નો ઠરાવ ક્ર- અવક/૧૪૨૦૧૫/૧૩૧૭૦૧/જ

(૪) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો તા.૫/૧૧/૨૦૧૬નો પત્ર ક્રમાંકઃ- પવવિનિ/મકમ/૪૫૪૯૫/૧૬

(૫) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો તા.૨૬/૮/૨૦૧૬નો પત્ર ક્રઃ- ગુઠાકોવિનિ/વહટ/૧૬-૧૭/૧૯૫૫

**આમુખઃ-**

આ વિભાગનાં ઉપર વંચાણે લીધેલ ક્રમ(૧) ના તા. ૧૪/૧૦/૨૦૧૬ના ઠરાવ અન્વયે, ડો.બાબા સાહેબ આંબેડકરજીની ૧૨૫ મી જન્મ જયંતિની રાજય સરકાર દ્વારા થઇ રહેલ ઉજવણી નિમિત્તે વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના ચાર નિગમો, (૧) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, (૨) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, (૩) ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ અને (૪) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના લાભાર્થીઓ માટે વન ટાઇમ સેટલમેન્ટ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૪) અને (૫) વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના નિગમોએ વન ટાઇમ સેટલમેન્ટ યોજનાની મુદત વધારવા મંજૂરી આપવા દરખાસ્ત કરેલ છે. વન ટાઇમ સેટલમેન્ટ યોજનાની મુદત લંબાવવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

Scanned by CamScanner

ઠરાવ:-

ઉકત દરખાસ્ત પરત્વે વિચારણાને અંતે, વન ટાઇમ સેટલમેન્ટ યોજનાની હાલની સમય મર્યાદા તા. ૩૧/૧૨/૨૦૧૬ના બદલે વધુ છ માસ એટલે કે તા. ૩૦/૦૬/૨૦૧૭ સુધી લંબાવવામાં આવે છે.

ઉપર્યુકત મંજૂરી નીચે મુજબની શરતોને આધિન આપવામાં આવે છે.

૧) નિયામક હસ્તકની તમામ જિલ્લા કચેરીઓ અને નિગમની કચેરીઓના સમગ્ર મહેકમનો ઉપયોગ કરી એક ઝુંબેશ રૂપે વસુલાતની કામગીરી સંયુકત રીતે કરવાની રહેશે.

૨) આ અંગેનો વહીવટી ખર્ચ વસુલાતની રકમના ૨ ટકા થી વધે નહીંતે અંગેની પુરતી તકેદારી રાખવાની રહેશે.

૩) તા. ૩/૦૬/૨૦૧૭ સુધીમાં આ કામગીરી પુરી કરવાની રહેશે.

૪) આ યોજના ખાસ ઝૂંબેશ તરીકે ચલાવવાની રહેશે અને સક્રીયપણે મોનીટરીંગ કરી વસુલાતની કામગીરી સમય મર્યાદામાં અચૂકપણે કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા. ૨૨/૧૨/૨૦૧૬થી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
સરકારના અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબમુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, (ના.વિ).ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ..ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(સાન્યા), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલયાણ ખાતુ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

Scanned by CamScanner

- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાધીનગર .
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, જુના સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, જુના સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ, જુના સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડીરેકટરશ્રી ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, જુના સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, બજેટ/ગ/અ-શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, (કોમ્પ્યુટર સેલ) સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં અપલોડ કરવા માટે.
- સિલેકટ ફાઇલ.

Scanned by CamScanner